---

**વિરમગામનાં મહે. એડી.સીવીલ જજ સાહેબની અદાલતમાં,**
**મુ.વિરમગામ, જી.અમદાવાદ.**

---

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૧/૦૮/૨૦૧૯ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૧/૦૮/૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૬ | ૭ | ૨૦ |

**રેગ્યુલર દિવાની દાવા નં. ૧૧૮/૨૦૧૯**

**આંકઃ–૨૯**

ઉત્તર ગુજરાત વિજ કંપની લી. વતી
નાયબ ઈજનેરની કચેરી,
વિરમગામ શહેર પેટા વિભાગની કચેરી ,
માંડલ રોડ, મુ.વિરમગામ, જી. અમદાવાદ

**::: વાદી**

**વિરુધ્ધ**

**રાઠોડ ડાહ્યાભાઈ તળશીભાઈ**
ઉ.વ.આ. પુખ્ત, ધંધો : નોકરી
રહે.હાંસલપુર, જી.આઇ.ડી.સી.,
બી.એસ.એન.એલ.ટાવર પાસે,
મુ.વીરમગામ, જી.અમદાવાદ

**:: પ્રતિવાદી**

---

–

દાવો: રૂા.૩,૩૮,૦૩૩.૫૬ પૈસા પ્રતિવાદી પાસેથી વસુલ મળવા...

---

વાદી તરફે : વિ.વ.શ્રી એસ.કે.વોરા

પ્રતિવાદી તરફે : વિ.વ.શ્રી એમ.કે.સીંધવ

---

**–:: ઠરાવ ::–**

(૧) આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ભારતીય કંપની ધારો ૧૯૫૬ અન્વયે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડના નામથી વીજ પુરવઠો પુરો પાડવા વિગેરેનુ કાર્ય કરતી કંપનીનો કારભાર અલગ અલગ કંપનીઓમાં વહેં ચીને ગુજરાત રાજયમાં જે કંપનીઓ વીજપુરવઠો પુરો પાડવા વિગેરેના આશયથી અસ્તિત્વમાં આવેલ છે તે પૈકીની વાદી કંપની છે વાદી કંપનીની વિરમગામ શહેર પેટા વિભાગની ઓફીસ નામ. કોર્ટની હકુમતના ગામ વિરમગામમાં માંડલ રોડ ઉપર આવેલ છે.

વધુમાં વાદી જણાવે છે કે, આ કામના પ્રતીવાદી વાદી કંપનીના ગ્રાહક નથી અને તેમને વાદી કંપનીનો વીજ વપરાશ કરવાનો કોઇ હકક કે અધીકાર હતો નહી અને છે નહી.વાદી કંપનીના વિરમગામ શહેર પેટા વિભાગના જુનીયર ઈજનેરશ્રી એમ.યુ.મન્સુરી તા.૦૪/૧૦/૨૦૧૬ ના રોજ ચેકીંગમાં નીકળેલ ત્યારે આ કામના પ્રતીવાદી બી.એસ.એન.એલ. ટાવર પાસે આવેલા એલ.ટી.લાઇનના પોલ ઉપરથી પીળા રંગના ૧૮ મીટર ટવીનકોર એલ્યુમીનીયમ વાયર વડે હુકીંગ કરીને વાયરનો છેડો ટાવરની ઓરડીની છત ઉપરથી પસાર કરીને ડાયરેકટ મેઇન સ્વીચમાં આપીને ગેરકાયદેસર રીતે વીજચોરી કરતા પકડાયેલા. જે સંદર્ભે વાદી કંપનીના જવાબદાર અધીકારીએ કરેલ રોજકામમાં પ્રતીવાદીના પ્રતીનીધીએ સહી કરવાની ના પાડેલ. આ કામના પ્રતીવાદીએ વીજચોરી અંગેનું રૂ.૩,૧૯,૯૬૮.૫૭ પૈસાનું બીલ મોકલી આપવામાં આવેલ.

આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામા આવેલ જેનો ગુ.ર.નં.૬૪૭૧/૧૬ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માં ગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કંપનીએ એડવોકેટ મારફતે તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ રજી.પોસ્ટથી નોટીસ પણ મોકલેલ જે નોટીસનો રજી.પોસ્ટનો બીડો આ કામના પ્રતિવાદીને ટપાલ વહેચણીના સમયે મળેલ નથી તેવા શેરા સાથે ટપાલ પરત આવેલ છે.

જેથી આ કામના પ્રતિવાદી પાસે વીજ ચોરીના બીલના રૂા. ૩,૧૯,૯૬૮.૫૭ પૈસા તથા તા.૩૧/૦૧/૨૦૧૭ સુધીના ૧૫% પ્રમાણેના વિલંબીત ચુકવણી ચાર્જના રૂા. ૧૭,૦૬૪.૯૯ પૈસા તથા નોટીસ ખર્ચના રૂા.૧૦૦૦/–મળી કુલ રૂા. ૩,૩૮,૦૩૩.૫૬ પૈસાનુ લેણુ પડે છે જે રકમ સહીત વસુલ મેળવવા સારુ હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

આ દાવાનું કારણ પ્રતિવાદીએ વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા તા.૦૪/૧૦/૨૦૧૬ ના રોજ વીજ ચોરી કરતા પકડાયા ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે રોજકામ કરવામાં આવેલ ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે વાદી કંપનીએ વીજચોરીનુ બીલ મોકલવામા આવ્યુ ત્યારથી અને તે અરસાથી તેમજ આ કામના પ્રતિવાદી સામે ચોરી અંગેની ફરીયાદ કરેલ ત્યારથી અને તે અરસાથી તેમજ તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ વકીલ મારફત પ્રતિવાદી પાસે લેણી પડતી રકમની માંગણી કરતી નોટીસ આપી ત્યારથી અને તે અરસાથી નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર હકીકતે હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે,આ કામનાં પ્રતિવાદી પાસે વીજ વપરાશ તથા વીજચોરીના બીલની ઉઘરેલ રકમ પેટે વસુલ આવેલ રકમ બાદ જતા મુદલ રૂા.૩,૧૯,૯૬૮.૫૭ પૈસા તથા તે ઉપર તા.૩૧/૦૧/૨૦૧૭ સુધીના ૧૫% ના વિલંબીત ચુકવણી ચાર્જના રૂા. ૧૭,૦૬૪.૯૯ પૈસા તથા નોટીસના ખર્ચના રૂા. ૧૦૦૦/– નુ મળી કુલ રૂા. ૩,૩૮,૦૩૩.૫૬ પૈસા નુ લેણુ પડે છે તે દાવાના તમામ ખર્ચ સહીત

દાવાતારીખથી ૧૫% પ્રમાણેના વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની સ્થાવર, જંગમ તથા જાત–મીલકત ઉપરથી વસુલ અપાવવા વાદીનાં લાભમાં હુકમનામું કરી આપવા અને અન્ય યોગ્ય લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

**(૨)** આ દાવાના કામે પ્રતિવાદીને દાવાના સમન્સ/ નોટીસની ધોરણસરની બજવણી થતા, પ્રતિવાદી તેમનાં વિધ્વાન વકીલશ્રી મારફત અદાલત સમક્ષ હાજર થયેલા અને વાદીની દાવા અરજી સામેનાં લેખીત વાંધા જવાબ આંક–૧૨ થી રજુ કરેલ છે. જે વંચાણે લેતા જેમા તેઓએ જણાવેલ છે કે, વાદીની દાવાઅરજીને ડીલેલેચીઝ અને ઈકવીટીનો સ્પષ્ટ બાધ નડે છે તેમજ કોઝ ઓફ એકશનનો બાધ નડે છે તેમજ પ્રતિવાદી કયારેય ચોરી કરતા પકડાયેલ નથી અને જો પ્રતિવાદી વીજચોરી કરતા પકડાયેલ હોય તો તેની કોઈ વીડીયોગ્રાફી કે અન્ય દસ્તાવેજી પુરાવાથી વાદીએ સાબીત કરવુ જોઈએ. પ્રતિવાદીને કોઈ નોટીસ બજેલ નથી. તા. ૦૪/૧૦/૨૦૧૬ ની વીજ ચોરી કરતા પકડાયેલ હોવાની હકીકત ખરી નથી. તેઓને આવુ વીજ બીલ પણ મળેલ નથી.હાંસલપુર–સેરેશ્વર મુકામે તેમની માલીકીનું કોઈ મકાન ધરાવતા નથી. જી.ઈ.બી.ના અધીકારીએ ખોટુ રોજકામ કરેલ છે અને રૂ.૩,૧૯,૯૬૮.૫૭ પૈસાનું કોઈ લેણુ તેમની સામે પડતુ નથી અને રૂ.૧૭,૦૬૪.૯૯ પૈસા વિલંબીત ચુકવણી તેમની પાસે વસુલ કરવાનો કોઈ હક્ક કે અધિકાર નથી અન તેમજ નોટીસના ખર્ચના રૂા. ૧૦૦૦/– નુ મળી કુલ રૂા. ૩,૩૮,૦૩૩.૫૬ પૈસા નુ ૧૫% પ્રમાણેના વ્યાજ સાથે તેમની પાસે મેળવવાનો કોઈ હક્ક કે અધિકાર નથી.

**(૩)**સદર કામમાં વાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**-: મૌખિક પુરાવા :-**

| ક્રમ. | **સાહેદનું નામ.** | **આંક** |
|---|---|---|
| ૧. | સાહેદ મૃદંગ જયંતકુમાર ભાવસારનું પુરાવાનું સોગંદનામું. (નાયબ ઈજનેર, વીરમગામ ટાઉન સબ ડીવીઝન) | ૧૮ |

**-: દસ્તાવેજી પુરાવા :-**

| ક્રમ. | **દસ્તાવેજ.** | **આંક** |
|---|---|---|
| ૧ | સ્થળ રોજકામની નકલ | ૨૧ |
| ૨ | વીજચોરીના બીલની ખરીનકલ | ૨૨ |
| ૩ | વીજ ચોરી કરેલ તે સ્થળના ફોટોગ્રાફની કોપી અસલ | ૨૩ |
| ૪ | વીજચોરીની ફરીયાદ દાખલ કરવા બાબતનો પત્ર | ૨૪ |
| ૫ | એનેકસચર સીટ 'સી' ની નકલ | ૨૫ |
| ૬ | પ્રતિવાદી સામે વીજચોરી અંગે કરેલ પોલીસ ફરીયાદની નકલ | ૨૬ |

ત્યારબાદ વાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક- ૨૭થી પુરાવો પુરો થયાની કલોજીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

**(૪)** સદર કામમાં પ્રતિવાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં કોઈ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

ત્યારબાદ પ્રતિવાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક-૨૮ થી પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

**(૫)** સદર દાવાનાં કામે વાદી તરફે વિ.વ.શ્રીની વિસ્તૃત દલીલો સાં ભળી તેમજ પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

વાદી તરફે દલીલ:–

સદર કામે વાદીના વિ.વ.શ્રીનાઓએ મૌખિક દલીલો કરી રજુઆત કરેલ છે કે સદર કામના પ્રતિવાદી એ વાદી કંપનીના ગ્રાહક નથી અને વાદી કંપનીના જુનીયર એન્જીનીયશ્રી એમ.યુ.મનસુરી તા.૦૪/૧૦/૨૦૧૬ ના રોજ સરપ્રાઈઝ ચેકીંગમાં નીકળેલ ત્યારે આ કામના પ્રતિવાદીઆ કામના બી.એસ.એન.એલ. ટાવર પાસે આવેલા એલ.ટી.લાઇનના પોલ ઉપરથી પીળા રંગના ૧૮ મીટર ટવીનકોર એલ્યુમીનીયમ વાયર વડે હુકીંગ કરીને વાયરનો છેડો ટાવરની ઓરડીની છત ઉપરથી પસાર કરીને ડાયરેકટ મેઇન સ્વીચમાં આપીને ગેરકાયદેસર વીજ ચોરી કરતા રંગે હાથ પકડાયેલા અને આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીના ધારા ધોરણ મુજબ કરેલ વીજ ચોરી અંગે ગણતરી કરી રૂા.૩,૧૯,૯૬૮.૫૭ પૈસા નું બીલ મોકલી આપવામાં આવેલ છે.આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામા આવેલ જેનો ગુ.ર.નં .૬૪૭૧/૧૬ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માંગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કંપનીએ એડવોકેટ મારફતે તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ રજી. પોસ્ટથી નોટીસ પણ મોકલેલ.વધુમા રેકર્ડ જોતા ચેકીંગ અધીકારીને પ્રતિવાદી સાથે કોઈ પુર્વગ્રહ હોય તેવુ કાઈ જણાઈ આવતુ નથી. આ કામે પ્રતિવાદી સામે હાલના વાદીએ ઈલે. ૧૩૫(૧) મુજબની ફરીયાદ કરવામાં આવેલ છે. તે અંગે આ કામના પ્રતિવાદીએ કોઈ વાંધો લીધેલ નથી.આમ પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી જેથી વીજ વપરાશ કરવાનો કાયદેસર હક ન હોવા છતા વીજવપરાશ કરેલ છે જે ગેરકાયદેસર છે. જેથી હાલના વાદીનો દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

પ્રતિવાદીની દલીલ:–

સદર કામે પ્રતિવાદીના વિ.વ.શ્રી દવારા મૌખિક દલીલો કરેલા છે અને પોતાના આંક–૧૨ થી રજુ જવાબને સમર્થન આપેલ છે અને જણાવેલ છે કે વાદીની દાવાઅરજીને ડીલેલેચીઝ અને ઈકવીટીનો સ્પષ્ટ બાધ નડે છે તેમજ

કોઝ ઓફ એકશનનો બાધ નડે છે તેમજ પ્રતિવાદી કયારેય ચોરી કરતા પકડાયેલ નથી અને જો પ્રતિવાદી વીજચોરી કરતા પકડાયેલ હોય તો તેની કોઈ વીડીયોગ્રાફી કે અન્ય દસ્તાવેજી પુરાવાથી વાદીએ સાબીત કરવુ જોઈએ. પ્રતિવાદીને કોઈ નોટીસ બજેલ નથી. તા. ૦૪/૧૦/૨૦૧૬ ની વીજ ચોરી કરતા પકડાયેલ હોવાની હકીકત ખરી નથી. તેઓને આવુ વીજ બીલ પણ મળેલ નથી.હાંસલપુર–સેરેશ્વર મુકામે તેમની માલીકીનું કોઇ મકાન ધરાવતા નથી. જી.ઈ.બી.ના અધીકારીએ ખોટુ રોજકામ કરેલ છે અને રૂ.૩,૧૯,૯૬૮.૫૭ પૈસાનું કોઇ લેણુ તેમની સામે પડતુ નથી અને રૂ.૧૭,૦૬૪.૯૯ પૈસા વિલંબીત ચુકવણી તેમની પાસે વસુલ કરવાનો કોઇ હક્ક કે અધિકાર નથી અન તેમજ  નોટીસના ખર્ચના રૂા. ૧૦૦૦/– નુ મળી કુલ રૂા. ૩,૩૮,૦૩૩.૫૬ પૈસા નુ  ૧૫% પ્રમાણેના વ્યાજ સાથે તેમની પાસે મેળવવાનો કોઇ હક્ક કે અધિકાર નથી.આમ વાદીનો દાવો તદ્દન ખોટો, બનાવટી અને ઉપજાવી કાઢેલી હકીકત વાળો હોય દાવો ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.

(૬) આમ, ઉપરોકત હકીકતે સદરહું દાવાનાં ન્યાયીક નિર્ણય માટે આંક– ૧૩ થી નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**–:મુદ્દાઃ –**

૧.શું વાદી સાબિત કરે છે કે, આ કામના પ્રતિવાદી ગેરકાયદેસર રીતે વીજચોરી કરતા પકડાયેલ અને વાદી કંપની દવારા પ્રતિવાદીને રૂા.૩,૧૯,૯૬૮.૫૭/– પૈસાનુ વીજ ચોરીનુ બીલ આપવામાં આવેલુ?

૨. શું વાદી સાબિત કરે છે કે, આ કામના પ્રતીવાદીને વીજ ચોરીના પુરવણી બીલની રકમ રૂ.૩,૧૯,૯૬૮.૫૭/– તથા તે ઉપરના ૧૫% પ્રમાણે વીલંબીત ચુકવણી ચાર્જની લેણી પડતી રકમની અવારનવાર માંગણી કરવા છતાં, પ્રતીવાદી કાંઇ રકમ વસુલ ન આપતાં, વાદી કંપનીએ તા.૦૮–૦૨–

૧૭ ના રોજ પ્રતીવાદીને તેમના વિ.વકીલશ્રી મારફતે રજી.પોસ્ટથી નોટીસ મોકલાવ્યા છતાં, પ્રતીવાદીએ કોઈ રકમ વસુલ આપેલ નથી ?

૩. શું વાદી સાબિત કરે છે કે, તેઓની કંપની તરફથી પ્રતીવાદીને આપવામાં આવેલ બીલની રકમ રૂ.૩,૧૯,૯૬૮.૫૭/– તથા તે ઉપરના ૧૫% પ્રમાણે તા. ૩૧/૦૧/૨૦૧૭ સુધીના વીલંબીત ચુકવણી ચાર્જના રૂા..૧૭,૦૬૪.૯૯/– તથા નોટીસખર્ચના રૂા. ૧૦૦૦/– મળી કુલે રૂા.૩,૩૮,૦૩૩.૫૬/– લેણુ નીકળે છે?

૪. શું વાદી દાવા અરજીના પેરા– ૮ મા માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૫. શુ હુકમ ? શું હુકમનામુ?

**(૭)** પ્રસ્તુત મુદાઓ અંગેનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧.હકારમાં

૨. હકારમાં

૩. અંશત:હકારમાં

૪. અંશત:હકારમાં

૫.આખરી હુકમ મુજબ.

આમ દાવાનાં નિકાલ માટે ઉપસ્થિત કરવામાં આવેલાં આંક–૧૩ ના મુદાઓ સંબંધે નાં મા‌ા ન્યાયીક નિર્ણય અંગે નાં કારણો ની ચર્ચા નીચે મુજબ

કરુ છું.

−:કારણો:−

મુદ્દા નં.૧ થી ४:−

(૮) આ કામે મુદ્દા નં.૧ થી ૨ ની હકીકત અને કાયદાની દ ષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય અને હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુથી સદર મુદ્દાઓની સંયુકત રીતે ચર્ચા કરવામાં આવે છે.

દીવાની દાવાઓમાં જે પક્ષકાર જે હકીકત નું અસ્તિ્વ હોવાનું અદાલત સ્વીકારે તેવું ઇચ્છતી હોય તેણે તેવી હકીકતો નાં અસ્તિત્વ અંગે નો પુરાવો ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ−૧૦૧ તથા ૧૦૨ મુજબ રજુકરીને તેવી હકીકતો પુરવાર કરવી જોઈએ. હાલનાં આ દાવાને લાગે વળગે છે ત્યાં સુધી વાદી ઉપર તેમના દાવાની હકીકત નું અસ્તિત્વ હોવાનું પુરવાર કરવાની જવાબદારી છે. તેથી વાદીએ તેમના દાવાની હકીકતો પુરવાર કરવી જોઈએ. ત્યારબાદ જ વાદીના પુરાવાનું ખંડન કરવાની જવાબદારી અને સાબિતીનો બોજ પ્રતિવાદીની શીરે રહે છે.

(૦૯)આ કામે વાદી મૃદંગ જયંતકુમાર ભાવસાર તેમના પુરાવાનું સોગં દનામું આંક−૧૮ થી રજુ કરેલ છે. જેમાં તેઓએ દાવાની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, વાદી કંપનીના જુનીયર એન્જીનીયશ્રી એમ.યુ.મનસુરી તા.૦૪/૧૦/૨૦૧૬ ના રોજ સરપ્રાઈઝ ચેકી ગમાં નીકળેલ ત્યારે આ કામના પ્રતિવાદી પ્રતીવાદી બી.એસ.એન.એલ. ટાવર પાસે આવેલા એલ.ટી.લાઇનના પોલ ઉપરથી પીળા રંગના ૧૮ મીટર ટવીનકોર એલ્યુમીનીયમ વાયર વડે હુકીંગ કરીને વાયરનો છેડો ટાવરની ઓરડીની છત ઉપરથી પસાર કરીને ડાયરેકટ મેઈન સ્વીચમાં આપીને ગેરકાયદેસર રીતે વીજચોરી કરતા પકડાયેલા અને આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીના ધારા

ધોરણ મુજબ કરેલ વીજ ચોરી અંગે ગણતરી કરી રૂા.૩,૧૯,૯૬૮.૫૭ પૈસા નું બીલ મોકલી આપવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામાં આવેલ જેનો ગુ.૨નં.૬૪૭૧/૧૬ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માંગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કંપનીએ એડવોકેટ મારફતે તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ રજી. પોસ્ટથી નોટીસ પણ મોકલેલ જે નોટીસનો રજી.પોસ્ટનો બીડો આ કામના પ્રતિવાદીને મળી આવેલ ન હોવાના શેરા સાથે પરત આવેલ છે. જેથી હાલનો દાવો કરેલ છે.

સદર કામે વાદીની પ્રતીવાદીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે જે ઓરડી પ્રતીવાદીની ચોરી અંગેની બતાવેલ છે તેનો માલીકી અંગેનો પુરાવો આ કામે રજુ કરેલ નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફોટોગ્રાફી કરેલ છે તેમજ રજુ કરેલ ફોટાના કોઇ બીલ આ કામે રજુ કરેલ નથી.અસલ ફોટોગ્રાફ રજુ કરેલ નથી.

**(૧૦)** આ કામે વાદીએ પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની લેણી રકમની માંગણી કરેલ છે અને સદર હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક-૧૮ થી નાયબ ઈજનેશ્રીનાઓનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જે સોગંદનામામાં વાદી સાહેદે દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી કંપનીનાં પ્રતિવાદી પાસ ગણતરી કર્યા મુજબ ડીલે પેમેન્ટ ચાર્જ સહિતની રકમ બાકી લેણા રહે છે. વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી પ્રસ્થાતિ કરવો જરૂરી છે અને તે માટે વાદીએ આંક-૨૧ થી આંક-૨૬ મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે.આ કામે આંક- ૨૧ થી સ્થળરોજકામની નકલ રજુ છે જેમા આ કામના પ્રતિવાદી પ્રતીવાદી બી.એસ.એન.એલ. ટાવર પાસે આવેલા એલ.ટી.લાઇનના પોલ ઉપરથી પીળા રંગના ૧૮ મીટર ટવીનકોર એલ્યુમીનીયમ વાયર વડે હુકીંગ કરીને વાયરનો છેડો ટાવરની ઓરડીની છત ઉપરથી પસાર કરીને ડાયરેકટ મેઇન સ્વીચમાં આપીને ગેરકાયદેસર રીતે વીજચોરી કરતા ઝડપાયેલ છે." જે સ્થળ રોજકામ જોતા તેમાં ચેકીંગ અધીકારીની સહી છે.તથા આંક-૨૨ થી પાવર

ચોરીનું બીલ રજુ કરવામાં આવેલ છે. જેમા કુલ બાકી નીકળતી રકમ રૂા. ૩,૧૯,૯૬૮.૫૭ પૈસા દર્શાવેલ છે. જે રકમમા એનર્જી ચાર્જ પેટે રૂા. ૨,૧૧,૬૬૭.૬૦ પૈસા, ફ્યુઅલ ચાર્જ પેટે રૂા. ૬૬,૫૬૫.૯૪ પૈસા, વિદ્યુતશુલ્ક પેટે રૂા.૪૧,૭૩૫.૦૩ પૈસા દર્શાવેલ છે. જયારે ફીક્સ ચાર્જ, મીનીમમ ચાર્જ, રીએકટીવ ચાર્જ, મીટર ચાર્જ, વિલંબીત ચાર્જ, પ્રોવીઝનલ બીલમા કોઈ રકમ દર્શાવેલ નથી. આમ વાદી કંપનીએ પ્રતિવાદીને કુલ રૂા.૩,૧૯,૯૬૮.૫૭ પૈસા લેખે વીજચોરી અંગે બીલ આપેલ છે. જે બીલમાં પ્રતીવાદીનું નામ, બીલની કુલ રકમના કોલમમાં રૂ.૩,૧૯,૯૬૮.૫૭ પૈસા દર્શાવેલ છે. આંક–૨૩ થી પ્રતીવાદીએ જે સ્થળે વીજ ચોરી કરેલ તે સ્થળના ફોટોગ્રાફની કોપીની અસલ રજુ છે.આંક–૨૪ થી વીજચોરીની ફરીયાદ દાખલ કરવા બાબતનો પત્ર રજુ છે.જેમાં પ્રતીવાદીનું નામ દર્શાવેલ છે.તથા આ કામે આંક–૨૫ થી એનેકસચર 'સી' સીટની નકલ રજુ છે.તેમાં કુલ રૂ. ૩,૧૯,૯૬૮.૫૭ પૈસા દર્શાવેલ છે.આ કામે આંક–૨૬ થી એફ.આઈ.આર. રજુ છે તેમા ગુ.ર.નં.૬૪૭૧/૧૬ છે.જેમાં જી.યુ.વી.એન.એલ.ના સહી સિકકા છે.જેમાં તહોમતદારના નામમાં પ્રતીવાદીનુ નામ દર્શાવેલ છે.આમ, આ કામના વાદી દ્ધારા રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજોને આધારે પ્રતીવાદીએ વીજચોરી કરેલ હોવાનુ માનવાને કારણ રહે છે.તેથી હાલના પ્રતીવાદી પાસેથી લેણી રકમ મેળવવા વાદી હકકદાર હોવાનુ જણાય છે.

**(૧૧)** આ કામના વાદીએ, પ્રતિવાદી પાસે ડીલે પેમેન્ટ ચાર્જની તથા વ્યાજની માંગણી કરેલ છે. જેમા ડીલે પેમેન્ટ ચાર્જ બાબતે કોઇ દસ્તાવેજી પવુરાવા આ કામે રજુ કરેલ નથી તથા આંક–૨૨ વાળુ વીજચોરીનુ બીલ ધ્યાને લેવામા આવે તો તેમા વિલંબીત ચુકવણી ચાર્જમા કોઇ રકમ દર્શાવેલ નથી. આમ વાદી કંપની તેઓની દાવા અરજીમા જણાવેલ વિલંબીત ચુકવણી ચાર્જના રુપિયા અંગે કોઈ પુરાવા રજુ કરેલ ન હોય તે મળવા પાત્ર થતા નથી તથા વ્યાજ બાબતે સીવીલ પ્રોસીજર કોડની કલમ– ૩૪ મુજબ વાદી પ્રતિવાદી પાસે જો કોઈ કરાર હોય તો તે મુજબનું વ્યાજ મેળવવા વાદી હકકદાર છે પરંતુ આવો કરાર આ કામે રજુ થયેલ નથી ત્યારે વાદીએ એક જાહેર સંસ્થા

છે અને વાદીએ પ્રતિવાદીને નોટીસ આપેલ અને તે નોટીસ જ્યારે પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં આજદિન સુધી પ્રતિવાદી તરફથી વાદીને કોઈ રકમ ચુકવવામાં આવેલ નથી. આમ વાદીનાં કાયદેસરનાં લેણાં પ્રતિવાદીએ નિયમ સમયમર્યાદામાં ચુકવેલ ન હોઈ વાદી કં પની પ્રવર્તમાન સમયમાં ચાલતા રાષ્ટ્રીયકૃત બેન્કોનાં દર મુજબ વાર્ષિક ૬% નાં સાદા વ્યાજનાં દરે લેણી રકમ પર દાવા તારીખથી વ્યાજ મેળવવા હકકદાર છે.

**(૧૨)**સદર કામે વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૩,૩૮,૦૩૩.૫૬ પૈસા પુરા ૧૫ % લેખે દાવાની તારીખથી વિલંબીત ચુકવણી ચાર્જ સહીત તેમજ દાવાનો ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરવા દાવો કરેલ છે. સદર કામમાં ઉપરોકત ચર્ચા કરેલ છે તે મુજબ આ કામના પ્રતિવાદી પાસેથી બીનઅધિકૃત રીતે કરેલ વિજવપરાશ પેટે રૂા.૩,૧૯,૯૬૮.૫૭ પૈસા પુરા વસુલાત પેટે બાકી નીકળતી હોવાની હકીકત સાબીત થયેલ છે. તેમજ વાદીએ દાવાની રકમ સાથે ૧૮ % લેખે વ્યાજની માંગણી કરેલ છે. આ અંગે ઉપરોકત મુદામાં કરેલ ચર્ચા મુજબ વાદી વ્યાજ મેળવવા હકકદાર બનતા હોય તેથી **મુદ્દા નં.૧ અને ૨** નો જવાબ **''હકારમાં''** તથા **મુદ્દા નં. ૩ અને ૪ નો જવાબ "અંશત:હકારમાં"** આપી મુદા નં. ૫ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

**(૧)**આ કામનાં વાદીનો દાવો આથી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામનાં વાદી, પ્રતિવાદી પાસેથી તેઓની હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકત ઉપરથી રૂા.૩,૧૯,૯૬૮.૫૭ પૈસા (અંકે રૂપિયા ત્રણ લાખ ઓગણીસ હજાર નવસો અડસઠ અને સતાવન પૈસા) પુરા દાવો દાખલ

થયા તારીખ થી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ ટકાના વ્યાજ સહિત વસુલ મેળવવા હકકદાર બને છે તેવું ઠરાવવામાં આવે છે અને પ્રતિવાદીએ વાદીની લેણી રકમ વ્યાજ સહિત હુકમની તારીખથી એક માસમાં ચુકવી આપવી તેવો આથી પ્ર તિવાદીને આદેશ કરવામાં આવે છે.

(3) આ દાવાનું વાદીનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું અને પ્રતિવાદીએ પોતાનું ખર્ચ જાતે ભોગવવું.

(૪)હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ: ૧૦ મી, માહે એપ્રિલ સને -૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૦/૦૪/૨૦૨૬

વિરમગામ

(કીર્તી શર્મા)
અધિક સીવીલ જજ
વિરમગામ
કોડ નં. જીજે ૦૧૭૨૧